
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ–મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૩ • તા. ૩૦ જુન થી ૬ જુલાઈ ૨૦૧૮


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishana Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


## ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારીનો વડોદરા ખાતેથી પ્રારંભ





તમને પહેલા સફળતા મળે
તો આરામ કરશો નહીં
કારણકે,
બીજીવાર નિષ્ફળતા મળશે
તો લોકો
એમ જ કહેશે કે
પહેલી વારની સફળતા
નસીબ જોગે મળી હતી
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ
- નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**: કાર્યાલય:**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922, 9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com




**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવ-તા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## સંપાદક સ્થાનેથી

# સંઘ શક્તિ યુગે યુગે

કોઈપણ સામુહિક કાર્ય કરવા અને તેને યોગ્ય પણે આગળ વધારવા સંગઠન જરૂરી છે, સંગઠન એટલે સંઘબળ એક શક્તિ છે. જે કોઈ સંઘ-સંસ્થા માટે એન્જિન બળ પૂરું પાડે છે. એન્જિનનું કામ ભાર ખેંચવાનું છે. જો એન્જિન જ નિર્બળ અને નિર્માલ્યુ હશે તો ટાણાસર મંઝિલે ન પહોંચી શકાય.



સંસ્થાને કરવાના કાર્યોની રૂપરેખા ઘડાય, તેનો અમલ શરૂ કરાય અને તેને સુયોગ્ય અને સુમેળતાથી સૌને એ કાર્ય લભ્ય થાય એ માટે સંગઠનનું બળ હોવું જોઈએ તો જ એ યોજના હર એક સુધી પહોંચી શકે.

વડીલો, પોતાના અનુભવ અને ઘડતરને આધારે સૌના વિચારો, મંતવ્યોનો સુમેળ કરી. જે જે યોજના ઘડે તેને સૌ પર્યંત પહોંચડાવાનું કાર્ય સંગઠન બળ જ કરી શકે. ખાસ કરીને યુવા શક્તિ, આજનો યુવા વર્ગ શિક્ષણ અને ટેકનોલોજીમાં મહારત મેળવી છે. વિવિધ પ્રકારના શિક્ષણમાં આગળ વધતા અભ્યાસ અને જ્ઞાન મેળવતા મેળવતા પોતાના વિચારોની ધાર પણ તે જ કરી છે. યુવાનોની તુલનામાં આપણી યુવતીઓ પણ કંઈ પાછળ નથી. એ પણ નેતૃત્વ શક્તિમાં પારંગત થઈ છે. આવી યુવા પેઢી વડીલોના વિચાર કાર્યોને ઠેઠ સુધી પહોંચાડવાની જવાબદારી હાથમાં લઈ લે તો કાર્ય યોજના સત્વરે સૌને પહોંચી જાય અને તેનું પરિણામ પણ ઝટ સૌને હાથવગું થઈ જાય.

આમ વડીલોની આંખ એ યુવા પેઢીની પાંખ જો એક થઈ જાય તો પવનગતિ જેવું કાર્ય થાય. કાર્ય યોજનાને ઝડપી વેગ મળે. આ સાફલ્ય સંઘ બળનો છે, સંઘ શક્તિનો છે.

જે કોઈપણ સંગઠન ભવ્ય અને વિશાળ બનાવે છે. એટલે જ તો કહ્યું છે સંઘ શક્તિ યુગે યુગે, સંઘ બળથી યુગો યુગ સુધી જળવાઈ રહેવાય છે. આ માટે સમાજના સૌ કોઈ સમાજ સભ્યો મહાજન સાથે જોડાયેલા રહે. સંપર્કમાં રહે અને કાર્યશીલ રહે.

જય જ્ઞાતિમૈયા



VEENA NAGDA BOLLYWOOD MEHENDI ACADEMY
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western Etc.
Women's Day Special Discount
Malad (W): Nr. Rly. Station. Time: 11 to 3pm. Call: 9920641717
Masjid Bunder (W): Nr. Rly. Station. Time: 11am to 3pm. Call: 9820431717
Out of Mumbai, Inquiries also Available.
Special Discount For S.S.C.
Email: veenanagda17@gmail.com
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

કવર સ્ટોરી...

# ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારીનો વડોદરા ખાતેથી પ્રારંભ










શ્રી વડોદરા મહાજન દ્વારા ગુજરાતભરના વિવિધ મહાજનોના અધિકારીઓ સાથેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી મહોદયો અને સમ્મેલનના વરાયેલા પ્રમુખ રવિવાર તા.૨૪-૦૬-૨૦૧૮ના રોજ સવારના વડોદરા પહોંચ્યા હતા. વડોદરા પહોંચતા તેમની તથા કચ્છથી પધારેલા ગાંધીધામ તેમજ અન્ય મહાજનોના પ્રતિનિધિઓને આવકારી તેમને ઉતારા પર લઈ જવામાં આવ્યા હતા. આ સમગ્ર વ્યવસ્થા સેક્રેટરી જનરલ શ્રી નિશિથ એ.દંડે કરેલ હતી.

બપોરના ભોજન તથા આરામ કર્યા બાદ સર્વે સદસ્યોને શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન વડોદરાના કે. ડી.ઓ.ભવન લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પહેલેથી અમદાવાદ, વડોદરા, આણંદ આદિ મહાજનોના પ્રતિનિધિઓ

(અનુસંધાન પાના નં.૭ ઉપર)



તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

જય આદિનાથાય || ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભસ્વામી ને નમઃ || જય ગિરિરાજ
|| નમો નમઃ ગુરૂ શ્રી ગુણસાગર સુરયે ||

સાહિત્ય દિવાકર
પ.પૂ. આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.



# શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ

## પાલીતાણા – નલિયા – મુંબઈ



## શ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા તીર્થે
## પર્યુષણ પર્વની આરાધના માટે આમંત્રણ

## પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના વધામણાં...

**મોરલે મેઘને ઝંખે, ચકોર ચંદ્રમા ને ઝંખે, ચાતક વર્ષાના બુંદને ઝંખે તેમ હર એક જૈન પર્યુષણની આરાધના ને ઝંખે છે....** પર્વાધિરાજની આરાધનાની ગંગોત્રી માં હર એક આત્મા સ્નાન કરી પવિત્ર બને એ આશય થી... તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ, સંઘશિરછત્ર **પ.પૂ.આ.ભ. શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના વિજય સામ્રાજ્યે, શુભાજ્ઞા આશિષે... સોનામાં સુગંધ ભળે તેમ સાહિત્યદિવાકર **પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિઠાણા પાલીતાણાની ધન્ય ધરા પર ચાતુર્માસાર્થે પધારતા હોઈ... ચતુર્વિધ સંઘની સોહામણી ઉપસ્થિતિમાં શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા મધ્યે પર્વાધિરાજની આરાધનાનું આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને પર્યુષણની આરાધના કરવા માટે પધારવા સપ્રેમ આમંત્રણ આપીએ છીએ. પર્વ દરમ્યાન આરાધકોને રહેવાની વ્યવસ્થા છે. તથા સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ છે. તન-મન-ધનથી પર્વાધિરાજના વધામણાં કરવા જરૂરથી પધારશોજી. રહેવાની વ્યવસ્થા વહેલા તે પહેલા ના ધોરણે કરવામાં આવશે.

| | |
|---|---|
| પર્યુષણ પ્રારંભ દિન | : ૦૬/૦૯/૨૦૧૮ શ્રાવણ વદ ૧૩-૨૦૭૪ |
| સંવત્સરી મહાપર્વ આરાધના | : ૧૩/૦૯/૨૦૧૮ ભાદરવા સુદ ૫-૨૦૭૪ |
| તપસ્વી પારણાં દિન | : ૧૪/૦૯/૨૦૧૮ ભાદરવા સુદ ૬-૨૦૭૪ |

**પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિ / પ્રભાવના વી.ના દાતા આવકાર્ય છે....**

| | | | | |
|---|---|---|---|---|
| સવારની નવકારશી | : ૫,૦૦૦/- | ન | છઠના સવારના નવકારશી | : ૧૦,૦૦૦/- |
| બપોરનું જમણવાર | : ૧૫,૦૦૦/- | ક | બપોરનું જમણવાર | : ૨૦,૦૦૦/- |
| સાંજે ચોવિહાર | : ૧૦,૦૦૦/- | રો | એ પ્રમાણે નકરો રાખેલ છે. | |

**આપના આગમનની જાણ મહેતાજી શ્રી પ્રેમચંદભાઈ ને કરશોજી**
**સંપર્ક : 02848-252186 / 09428750650**

**લિ. શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ**
**સર્વ ટ્રસ્ટીગણ**

# ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારી.... (પાંચમા પાનેથી ચાલુ)



ઉપસ્થિત રહ્યાં હતાં. સર્વ પ્રથમ શ્રી મુલચંદભાઈ મોતા, સમસ્ત મહાજનના પદાધિકારીઓ તથા વિવિધ મહાજનોના પદાધિકારીઓએ સાથે મળીને દીપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યાર પછી મહાનુભાવોને ક્રમશ મંચસ્થ કરવામાં આવ્યા હતા. નવકાર મંત્રના સ્મરણ બાદ શ્રી જયંભાઈ પટેલ એ કાર્યક્રમનું સુત્ર સંચાલન હાથ ધર્યું હતું અને શ્રી મુકેશભાઈએ નીશિથ દંડનો પરિચય કરાવ્યો હતો. નીશિથભાઈએ વડોદરા મહાજનના તમામ સભ્યોને આવકાર આપ્યો હતો. વડોદરામાં જ્ઞાતિનું સંગઠન ખૂબજ મજબુત હોવાનો દાવો કર્યો હતો તથા વડોદરા મહાજન તે જ વહેવાર સાથે શ્રી સમસ્ત મહાજનની સાથે રહે તેવી હાકલ કરી હતી અને વિશેષમાં જણાવ્યું હતું કે સમસ્ત મહાજને જ્ઞાતિજનોમાં સંગઠન વધે અને એક્તાની ભાવના વિકસે અને યુવાનો સમાજમાં કાર્યરત થાય એ હેતુથી જ્ઞાતિનું પ્રથમ ઈ-મેગેઝીન 'જ્ઞાતિમૈયા' શરૂ કર્યું છે. જેનો પ્રથમ અંકની હાર્ડ કોપી આપ જ્ઞાતિમૈયાના આજના મુખપૃષ્ઠ ઉપર જોઈ શકશો. આ મેગેઝીનને કારણે સમાજમાં અસિમીત





કાર્યશક્તિ કરનારાઓમાં વધારો થશે અને સમાજ તેનો ભરપૂર ઉપયોગ કરે એવી હાકલ કરી હતી.

શ્રી નીશિથભાઈએ શ્રી સમસ્ત મહાજન તથા તેની કાર્યવાહીનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. સમ્મેલનની વિસ્તૃત માહિતી આપવા તેમણે શ્રી રાજેન્દ્રભાઈ ખોનાને સંબોધન કરવા જણાવ્યું હતું. શ્રી રાજેન્દ્રભાઈએ સમ્મેલન એ એક એવું મંચ છે. જ્યાં સમાજ પોત પોતાના મંતવ્યો રજુ કરી શકે છે. તેમણે અગાઉ થતાં દેશ-મેળાની વાત સંભારી પુણ્યશ્લોકી શેઠશ્રી નરશી નાથા, શેઠશ્રી કેશવજી નાયકના સમયની યાદ અપાવી હતી, તથા દેશની આઝાદીના પરિપ્રેક્ષ્યથી આજસુધી મળેલ ત્રણેય જ્ઞાતિ સમ્મેલનની માહિતી આપી હતી. તેમણે સમ્મેલન દ્વારા જ્ઞાતિની ત્રણેય પેઢીઓ એક સાથે મળી વિચારોનું આદાન-પ્રદાન કરી શકે તે માટે મંચ બનાવ્યું હતું.



સમ્મેલનના વરાયેલા પ્રમુખશ્રી મુલચંદભાઈ મોતા, પ્રાસંગિક સંબોધન કરી વડોદરા મહાજનનો આભાર માન્યો હતો. વડોદરા મહાજનના પ્રમુખશ્રી હિતેન્દ્રભાઈ મોતાએ સમ્મેલનને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો, તથા વડોદરા મહાજન તરફથી દરેક પ્રકારનો સહયોગ મળી રહેવાની ખાત્રી આપી હતી. વિવિધ વક્તાઓ દ્વારા ઉદ્‌બોધન તથા પ્રશ્નોતરી સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. ત્યારબાદ નરેન્દ્રભાઈ મોમાયાએ આભાર વિધિ કરેલ હતી. વડોદરા મહાજન દ્વારા બહારગામથી પધારેલ સમસ્ત મહાજન તેમજ અમદાવાદ, આણંદ, ગાંધીધામ જેવા મોટા મહાજનોના પદાધિકારીઓ તથા જ્ઞાતિજનો માટે ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેને ન્યાય આપી સમ્મેલન પ્રત્યેની શુભ ભાવના સાથે સૌ છુટા પડ્યા હતા.

# શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજન તથા શ્રી નલીયા મહાજનના પદાધિકારીઓ ગદગની મુલાકાતે



૨૬-૬-૨૦૧૮ના રોજ ગદગ મહાજનશ્રીના આંગણે પ્રસ્તાવિત જ્ઞાતિ સંમેલન ૨૦૧૮નાં આયોજન વિષે માહિતી આપવા તથા સલાહ-સૂચનો મેળવવા સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલ શ્રી નિશિથ આણંદીલાલ દંડ તથા સભ્યો શ્રી પ્રવીણભાઇ લોડાયા, શ્રી કીર્તિભાઈ ધરમશી તથા નલીયા મહાજનનાં પ્રમુખશ્રી તથા પ્રસ્તાવિત જ્ઞાતિ-સંમેલનના પ્રમુખશ્રી મુલચંદભાઈ પદમશી મોતા અત્રે પધારેલ. રાતનાં ૮.૩૦ વાગે ગદગ મહાજનશ્રી દ્વારા સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ. અતિથીઓનું સન્માન તથા સ્વાગત મહાજનશ્રીનાં પ્રમુખશ્રી દિપકભાઇ ખોના તથા સેક્રેટરી શ્રી વિપિનભાઇ મોતા દ્વારા કરવામાં આવેલ. જ્ઞાતિ સંમેલન શા માટે જરૂરી છે તથા અગાઉના ત્રણ જ્ઞાતિ સંમેલનોની ઉપયોગિતા તથા ફળશ્રુતિ વિષે શ્રી મૂલચંદ ભાઇએ વિસ્તૃત સમજ આપેલ. ગદગના જ્ઞાતિજનોએ પોતાને ઉદ્ભવેલા પ્રશ્નો રજુ કરેલ જેનો ખૂબ જ શાંતિથી અને સમાધાનકારી ઉત્તરો યુવાન જનરલ સેક્રેટરીશ્રી નિશિથભાઇએ આપેલ. તથા સમસ્ત મહાજનશ્રી જ્ઞાતિનાં ઉત્કર્ષ માટે શું શું કાર્ય કરી રહેલ છે તેની ઉંડાણપૂર્વક સમજ આપેલ તથા સર્વે જ્ઞાતિ ભાઇ-બહેનોનાં સાથની અપેક્ષા વ્યક્ત કરેલ.



સર્વે પદાધિકારીઓએ ગદગની સ્કુલ તથા ‘જિવન સંધ્યા અને મહાજનશ્રીની વિવિધ સગવડો જોઇ ઘણી જ ગર્વની લાગણી વ્યક્ત કરેલ. તથા નલિયા મધ્યે ડીસેમ્બર ૨૩ થી ૨૫ દરમિયાન યોજાનાર જ્ઞાતિ સંમેલનમાં વધારેમાં વધારે સંખ્યામાં પધારવા આમંત્રણ આપેલ.



# ચાલીસગામ તીર્થે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ

સ્ટેશન રોડ, ચાલીસગામના પ્રાંગણમાં

**તપચક્રવતી અચલગચ્છાધિપતિ**
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના**
**આજ્ઞાનુવર્તિ વાત્સલ્યમૂર્તિ**
**પ.પૂ.શ્રી વિમલગુણાશ્રીજી મ.સા.ના**
**સુશિષ્યા સાધ્વી શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩**

ના ભવ્ય મંગલમય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભાવભર્યું આમંત્રણ

## ચાતુર્માસ પ્રવેશ

શુભદિન : નિજ જેઠ વદ ૯, શુક્રવાર તા. ૬-૭-૨૦૧૮

સુજ્ઞ સાધર્મિક બંધુ, સાદર જય જિનેન્દ્ર
આપ સૌને જણાવતા અત્યંત હર્ષ થાય છે કે
શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકાર કરી, ચાતુર્માસ હેતૂ પુજ્યશ્રી
ચાલીસગામ પધારી રહ્યા છે. આપના આગમનથી અમારા શ્રી સંઘની,
જિનશાસનની શોભામાં ચાર ચાંદ લાગ્યા છે.

ચાતુર્માસ અંતરઆત્મા ને જગાવવાનો સંદેશ લઇને આવે છે,
આપણી સુતેલી ચેતનાને જગાવી - જ્ઞાનાદિ ગુણોનો વિકાસ કરી,
આત્મામાં પરમાત્માની પવિત્ર જ્યોતિ ને પ્રગટ કરવા આવો,
આ ચાતુર્માસમાં આપણે તપ-ત્યાગના શ્રૃંગાર કરીએ...
સ્વાધ્યાયના ઘોષ ગજાવીએ... જીવ માત્ર પ્રત્યે દયા, કરૂણા,
પરોપકારના ભાવોથી હૃદયને પલ્લવીત કરીએ...

### ❖ સામૈયું ❖

નિજ જેઠ વદ ૯, શુકવાર તા. ૬-૭-૨૦૧૮
સવારના ૮ કલાકે
અહિંસા ચોક, ભગવાન મહાવીર માર્ગ,
(પુર્ણપાત્રે હૉસ્પિટલ) થી શરૂ થશે



### સ્વામીવાત્સલ્ય

બપારે ૧૧ તે ૧ કલાકે

**સંપર્ક :**

ઇંદ્રેશભાઇ પોલડીયા (અધ્યક્ષ) - મો. 9975701977
ચંદ્રેશભાઇ લોડાયા (માનદ્ મંત્રી) - મો. 9422779721
હેમંતભાઇ નાગડા (મેહ્તાજી) - મો. 7757008082

## સાનપાડા, નવીમુંબઈ સ્થિત શ્રી આદિનાથજી દેરાસર


શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો, ખારેક બજાર, મુંબઈ-૯ સંચાલિત સાનપાડા, નવી મુંબઈ સ્થિત શ્રી આદિનાથજી દેરાસરજીની પ્રથમ વર્ષગાઠ સં. ૨૦૭૪ આષાઢ સુદ-૨ શનિવાર તા.૧૪-૦૭-૨૦૧૮ના રોજ છે. વર્ષગાઠ નિમિત્તે પ.પૂ.યતિશ્રી મોતીસાગરજી મ.સા,ની નિશ્રામાં નીચે મુજબ કાર્યક્રમ આયોજેલ છે. સવારના ૮.00 કલાકેથી શ્રી અઢાર અભિષેક સહ શ્રી સત્તરભેદી પૂજા, બપોરના ૧૨.૩૯ કલાકે ધ્વજારોહણ. ધ્વજારોહણ બાદ સાધાર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે. ઉપરોક્ત સર્વ મંગલમય કાર્યક્રમોમાં ભાગ લેવા સમસ્ત જ્ઞાતિજનોને ભાવભર્યુ આમંત્રણ છે.

## શ્રી શત્રુંજય એકેડમી બહુમાન કાર્યક્રમ

શ્રી દેવલાલી નગરે, શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં તપચક્ર ચક્રવતી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા એવં શુભાશીર્વાદથી એમનાજ આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી એમના સુશિષ્યા સા. જયદર્શિતા શ્રીજી મ.સા.અષાઢ સુદ ૫ મંગળવાર તા. ૧૭ જુલાઈ ૨૦૧૮ ના સવારના ૯.00 કલાકે ચાર્તુમાસનો મંગલ પ્રવેશ કરશે.

એજ દિવસે બપોરના ૨.00 કલાકે શ્રી શત્રુંજય એકેડમી દ્વારા લેવાતી શ્રી શત્રુંજય-મુક્તિ-સમ્યગજ્ઞાન અભ્યાસક્રમની આવર્ષની બધીજ પરીક્ષાઓમાં ચંદ્રક વિજેતા - શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવશે. સહુએ સમયસર હાજર રહેવા ભાવભર્યુ આમંત્રણ છે.

એજ દિવસે એજ સમયે બપોરના ૨.00 કલાકે પ્રભુ મિલનનો 'પંથ' તથા 'પૂર્ણતાનો પંથ' ઘર બેઠા પરીક્ષામાં પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર જ્ઞાન પિપાસુઓનું બહુમાન કરવામાં આવશે. તો સહુએ પોતાનું બહુમાન સ્વીકારવા - પધારવા હાર્દિક આમંત્રણ છે. સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (નલિયા)

ધર્મશાળા-ફળિયા, નલિયા-કચ્છ. ફોન : ૦૨૮૩૧ ૨૨૨૩૩૭

**ચર્તુથ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે ચર્ચા-વિચારણા કરવા સર્વે નલિયાવાસી જ્ઞાતિજનો જોગ**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનનું ચર્તુથ સંમેલનના યજમાનનો લાભ આપણા મહાજનને મળ્યો છે. તે બદલ હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ ચર્તુથ સંમેલનની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવા માટે આપણે સૌ ગામવાસીઓ તેમજ ગામની નિયાણી બહેનોની એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં સર્વની હાજરી અનિર્વાય છે. તો આપ સર્વેને પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ :**

**હોટેલ અર્ચના રેસીડેન્સી (બેંકવેટ હોલ),**
**એલ.બી.એસ.માર્ગ, મુલુંડ ચેકનાકાની બાજુમાં, મુલુંડ (વે), મુંબઈ - ૮૦.**
**સમય : રવિવાર, તા.૦૫-૦૮-૨૦૧૮ બપોરના ૩ થી ૫ કલાકે**
**ત્યારબાદ અલ્પહાર**

**લી.**
**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા ના ટ્રસ્ટીગણ**

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘની ચુંટણી સંપન્ન



**શ્રી અશોક સોમચંદ દંડ (કચ્છ - વરાડીયા)**

શ્રી સંઘના ટ્રસ્ટબોર્ડની તાજેતરમાં થયેલ ચૂંટણીમાં આપણી જ્ઞાતિના અશોક સોમચંદ દંડ અને શ્રીમતી સુશીલાબેન ચંદ્રુલાલ ધરમશી અને શ્રી ક.વી.ઓ જ્ઞાતિમાંથી ધીરજલાલ ભૂલાભાઈ ગાલા અને કિરણ વેરશી ગડા આગામી ત્રણવર્ષ માટે બિનહરીફ ચૂંટાયા છે.

અશોકભાઈ સતત ૨૩ વર્ષથી(સળંગ ૧૦મી વખત) અને સુશીલાબેન સતત ૮ વર્ષથી (સળંગ ૪ થી વખત) ટ્રસ્ટી તરીકે સંઘમાં સેવા આપી રહ્યાં છે. તેમના નેજા હેઠળ શ્રી વડાલા સંઘે ખૂબજ પ્રગતી કરી છે અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

શ્રી વડાલા સંઘે શ્રીમતી સુશીલાબેનની અમુલ્ય સેવાને ધ્યાનમાં લઈ તેમને ''ભાભીશા''ની ગૌરવપૂર્ણ પદવી પ્રદાન કરેલ છે.



**શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી (કચ્છ - સુથરી)**

## વિદર્ભમાં કન્યાઓની શ્રેણીમાં એસ.એસ.સી.માં પ્રથમ સ્થાને આવેલ આભા સંજય ખોના



ગામ જખૌના હાલે મંગરુલ પીર નિવાસી કુસુમ પદમશી કાનજી ખોનાના પૌત્રી અને ડૉ.સંગીતા અને ડૉ.સંજય ખોનાની સુપુત્રી ચિ.આભા સંજય ખોનાએ અમરાવતી યુનિવર્સિટીથી ૯૮.૯૦ ટકાથી એસ.એસ.સી. બોર્ડમાં વાશિમ જિલ્લામાં સર્વાધિક માર્કસથી ઉત્તીર્ણ થઈ છે તથા વિદર્ભમાં કન્યાઓની શ્રેણીમાં પ્રથમ આવેલ છે.


SHUBH
DIAMONDS

RAJESH MOMAYA
rmomaya@shubhdiamonds.com
+91 9884149494

GJF
LIFE MEMBER

2, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,
Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555
www.shubhdiamonds.com

# મસૂરનાં શ્રી સુમતિનાથ જિનાલયનો શતાબ્દિ મહોત્સવ સંપન્ન





મસૂર (તા.કરાડ જિ. સાતારા) અહીંના શ્રી સુમતિનાથ જિનાલયને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં, મસૂરનંદન પ.પૂ. આચાર્યદેવ શ્રી મિત્રાનંદ સૂરીશ્વરજી મ.સા.ના. શુભાષિશ સાથે પ.પૂ.આચાર્યદેવ શ્રી ભવ્યદર્શન સૂરીશ્વરજી મ.સા. આદી સાધુ સાધ્વી શ્રી મ.સા.ની પાવન નિશ્રામાં કુલ ૧૦૦ દિવસ સુધી અનુષ્ઠાન આયોજન કરવામાં આવેલ જેમાં એપ્રીલ ૧૮માં શ્રી મહાવીર સ્વામિની પુનઃપ્રતિષ્ઠાનો લાભ લક્ષ્મીબેન વિસનજી શામજી ભાટે પરિવાર તથા  રાયચંદ ભોજરાજ પરિવાર લીધેલ. તા. ૮-૬-૧૮ થી ૧૫-૬-૧૮ સુધી શતાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં રવિવાર તા. ૧૦-૬-૧૮ ના રાયચંદ ભોજરાજ ધરમશી કોઠારાવાળા તરફથી બપોરની સાધર્મિક ભક્તિ તથા શ્રી અર્હત મહાપૂજનનું આયોજન કરવામાં આવેલ જેમાં જૈન શાસ્ત્રો અનુસાર વિવિધ ક્ષીર સમુદ્રોના દેવી દેવતાઓ પ્રભુજીના અભિષેક કરવા આવે છે. તેવી થીમ સાથે ૧૮મા પૂજનમાં શ્રી લક્ષ્મીદેવીના સ્વરૂપમાં અ.સૌ.દેવયાની દર્શન ધરમશી રૂમઝુમ ઝમઝુમ નૃત્ય કરતા પધારતા ગજબનું આકર્ષણ જમાવેલ. તા. ૧૪-૦૬-૧૮ ના પ્રભુજીનો ભવ્યાતિ ભવ્ય વરઘોડો નીકળેલ જેમાં સાતારા કરાડ-રહેમતપૂર તારગાંવ. કોલ્હાપુર, ઈસ્લામપૂર ઉંબ્રજ પૂના તળેગાવ-મુંબઈ તથા કચ્છથી પણ ઘણાં જ મહેમાનો પધારેલ. ધ્વજાની પૂર્વ સંધ્યાએ સંપૂર્ણ જિનાલયને પુષ્પોથી શણગારવામાં આવેલ.









સાંધ્યભક્તિમાં રોહનજી રાઠોડ તથા ફાલ્ગુન ખોનાએ સૌને સ્તવન અંતાક્ષરી રમાડેલ તથા રાત્રીભાવનામાં વિનિતકુમાર ગેમાવત સંગીતકાર પાર્ટીએ ભક્તિના તાનમાં સૌને ઝુમાવી દીધા હતા. તા.૧૫-૦૬-૧૮ ના ધ્વજાના કાયમી લાભાર્થી શ્રી રતનશીભાઈ તથા કલ્યાણજી ખોના તથા શરદભાઈ માણેકજી ખોના પરિવારના હસ્તે ધ્વજારોહણ થયેલ સાંગલીથા ઉત્તમભાઈ કલ્યાણજી ખોના તથા શરદભાઈ માણેકજી ખોના પધારેલ  આ પ્રસંગે ગુરૂપૂજન કરવાનો લાભ રૂા. ૬૦૩૦૦૦/- માં.શા. જેઠાભાઈ તથા ખીમજી વીસર ખોના કોઠારા તથા સાધારણ ખાતાની મીતીમાં રૂા. ૩૬૦૦૦૦ પણ આ જ પરિવાર તરફથી હસ્તે ઉત્તમભાઈ કલ્યાજી ખોના સાંગલી વાલાએ લખાવેલ. સાધારણ ખાતામાં રૂા.૧,૦૮,૦૦૦ શ્રી રાયચંદ ભોજરાજ ધરમશી રૂા. ૩૬૦૦૦/- શ્રી પદમશી ચાંપશી લાપસીયા. કોઠારા પરિવારે લખાવેલ.



ધ્વજાના દિવસે આખા ગામનું ધુવાબંધ જમણ રાખવામા આવેલ.

સાધાર્મિક ભક્તિની દરરોજ વ્યવસ્થા કાંસાના થાળી વાટકામાં પંગતમાં બેસાડીને રાયચંદ ભોજરાજ મંગલ કાર્યાલયની આર.







બી.લોનમાં કરવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમની વ્યવસ્થામાં ટ્રસ્ટી શ્રી નિતિન રાયચંદ ધરમશીનો સિંહ ફાળો રહેલ.

આ શતાબ્દિ મહોત્સવમાં મહારાષ્ટ્રના માજી મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ તથા આમદાર બાળા સાહેબ પાટીલ, આમદાર આનંદરાવ પાટીલએ સુમતિનાથ દાદાના દર્શન કરીને આચાર્યની માળા ખીરીશભાઈ ગોવિંદજી ધરમશીએ તેમને અર્પણ કરેલ.



જિનાલય ધ્વજા પુષ્પાબેન પદમશી લાપસીયા. દરવર્ષે બનાવી આપે છે.મહોત્સવ બાદ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ભવ્યદર્શન સૂરીશ્વરજી એ શ્રી નિતિન રાયચંદ ભોજરાજ ભાડે (કોઠારા)ના ઘર પગલા કરીને ગોચરી વહોરવાનો લાભ આપેલ. મસૂરમાં કુલ-૫૭ ઘરમાંથી ૪૫ ગુજરાતી ૮ મારવાડી અને ૪ કચ્છીના ઘર છે. જેમાં સૌએ હળી મળીનો સાથ આપતા શતાબ્દિ મહોત્સવ ઐતિહાસીક રીતે ઉજવાયો.

## ચતુર્થ સમ્મેલન સંદર્ભે વિવિધ સ્થળે સેમિનારોનું આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના તા.૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બરના નલિયા મુકામે યોજાનારા ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે જ્ઞાતિજનોમાં જાગૃતિ ફેલાવવા વિવિધ સ્થળોએ સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે જેની વિગત બાજુમાં છે.

| સ્થળ | તારીખ | સમય |
|---|---|---|
| વડોદરા | ૨૪-૬-૧૮ | સાંજના ૪ થી ૬ |
| નાસિક | ૯-૭-૧૮ | સવારના ૧૧ થી ૧ |
| પૂના | ૯-૭-૧૮ | સાંજના ૭ થી ૯ |
| ઔરંગાબાદ | ૧૦-૭-૧૮ | સવારના ૧૧ થી ૧ |
| નાંદેડમાં | ૧૦-૭-૧૮ | સાંજના ૪ થી ૬ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9833406124, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# Bipin Nagda Insurance Services



India's Leading Insurance Agent

**ISO 9001:2008 CERTIFIED COMPANY**

**Off:** 682, Ajanta Compound, Bhiwandi, Dist-Thane 421 305

**Helpline:** 02522 - 254011, 231411, 232190

**Tel.** 02522-254012 / 13 **Mob: 9323525000**

**Email: bipinpnagda@gmail.com**

**Web: www.bipinnagda.com**

ISO 9001:2008 INSURANCE SERVICES CERTIFIED COMPANY You're safe in our hands

EVERYTHING IN INSURANCE 41 YEARS SINCE - 1977 YEARS OF SERVICE

## ABOUT US

- All Insurance Solutions under one Roof.
- Dealing with Brands

LIC · Apollo Munich · ICICI Lombard · Reliance General Insurance · IFFCO-TOKIO General Insurance · Bajaj Allianz · Star Health Insurance · Chola MS · Religare Health Trust · Liberty Videocon General Insurance

- Claim Consultancy
- Mediclaim / Personal Accidental / Workmen Consultancy Department
- In Fire Loss - Get Fire Claim Cheque within 30 days*.
- All types Service Related with Life & General Insurance.

नये एक्सीडेंटल या मेडिक्लेम पॉलिसी या रिन्युअर के लिए संपर्क करें।

दावे के साथ इससे सस्ता और बेहतर पॉलिसी / इन्सुरेन्स कहीं नहीं

**Free Claim Consultancy & Guidance**

**8 to 8 Sunday 9 to 1**

# ભાવીન નાગડા દ્વારા નિર્મિત 7-Axis રોબો આર્મનું દેવેન્દ્ર ફડણવીસ દ્વારા ઉદ્‌ઘાટન



ભાવિન નાગડા જેમણે સાનફ્રાન્સિસ્કોની કોલેજ ઓફ આર્ટસમાંથી ડીજીટલ આર્કિટેક્ચર અને રોબોટીક્સ વિષયોમાં માસ્ટર્સની ડીગ્રી મેળવી છે તેમણે સેક્રેડ હાર્ટ સ્કૂલના સહયોગથી VARAP નામની ફેબ્રિકેશન ફેસિલીટી શરૂ કરી છે. તેઓ સેક્રેડ હાર્ટ સ્કૂલના વિદ્યાર્થીઓને આત્યાધુનિક અને રોબસ્ટ 3D મોડલિંગ સોફ્ટવેર, V.R., A.R. અને લેસર કટીંગથી ઝડપી પ્રોટો ટાઈપીંગ, 3D પ્રિન્ટર્સ અને 7 Axis રોબો આર્મ શીખવે છે. VARAP



એ માત્ર ભારતની જ નહીં પણ સમસ્ત વિશ્વમાં હાઈસ્કૂલ લેવલે સૌથી અદ્યતન ફેસિલીટી છે. શાળાના ચેરમેન આલ્બીન એન્થની નવા વિચારોનું હંમેશા સ્વાગત કરે છે અને તેમને અમલમાં લાવવા બધી જ મદદ કરે છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે રવિવાર, તા.૧લી જુલાઈ 7-Axis રોબો આર્મનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડીજીટલ ઈન્ડિયાના અભિયાનમાં સહભાગી થવાની અમારી માટે એ ગૌરવવંતી ક્ષણ હતી એમ ભાવિન નાગડાએ આ પ્રસંગે જણાવ્યું હતું.



# શ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા તીર્થે પર્યુષણ પર્વની આરાધના માટે આમંત્રણ

## પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના વધામણાં....

મોરલો મેઘને ઝંખે, ચકોર ચંદ્રમા ને ઝંખે, ચાતક વર્ષાના બુંદને ઝંખે તેમ હર એક જૈન પર્યુષણની આરાધનાને ઝંખે છે...પર્વાધિરાજની આરાધનાની ગંગોત્રીમાં હર એક આત્મા સ્નાન કરી પવિત્ર બને એ આશય થી... તપચક્રવર્તી, અચલગચ્છધિપતિ, સંઘશિરછત્ર પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના વિજય સામ્રાજ્યે શુભાજ્ઞા આશિષે... સોનામાં સુગંધ ભળે તેમ સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા.આદિઠાણાની ધન્યધરા પર ચાર્તુમાસાર્થે પધારતા હોઈ... ચતુર્વિધ સંઘની સોહામણી ઉપસ્થિતિમાં શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા મધ્યે પર્વાધિરાજની આરાધનાનું આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને પર્યુષણની આરાધના કરવા માટે પધારવા સપ્રેમ આમંત્રણ આપીએ છીએ. પર્વ દરમ્યાન આરાધકોને રહેવાની વ્યવસ્થા છે. તથા સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ છે. તમ-મન-ધન થી પર્વાધિરાજના વધામણાં કરવા જરૂરથી પધારશોજી. રહેવાની વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.

- **પર્યુષણ પ્રારંભ દિન :** ૦૬-૦૯-૨૦૧૮ શ્રાવણ વદ - ૧૩ સંવત ૨૦૭૪
- **સંવત્સરી મહાપર્વ આરાધના :** ૧૩-૦૯-૨૦૧૮ ભાદરવા સુદ -૫ -૨૦૭૪
- **તપસ્વી પારણાં દિન :** ૧૪-૦૯-૨૦૧૮ ભાદરવા સુદ - ૬ - ૨૦૭૪

પર્વ દરમ્યાન સાધાર્મિક ભક્તિ/ પ્રભાવના વી. ના દાતા આવકાર્ય છે.

**નકરો : સવારની નવકારશી : ૫.૦૦૦/-, બપોરનું જમણવાર : ૧૫.૦૦૦/-, સાંજે ચોવિહાર : ૧૦.૦૦૦/- અને છઠના સવારના નવકાશી : ૧૦.૦૦૦/-, બપોરનું જમણવાર : ૨૦.૦૦૦/-એ પ્રમાણે નકરો રાખેલ છે.**

આપના આગમનની જાણ મહેતાજી શ્રી પ્રેમચંદભાઈને કરશોજી કોન્ટેક્ટ નં. ૦૨૮૪૮૨૫૨૧૮૬ અને ૦૯૪૨૮૭૫૦૬૫૦.


Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.

Larin Khona
(Sujapar)

anmol
COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS

/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com

# દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમની એન્યુઅલ જનરલ મિટીંગ સંપન્ન

દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમની રવિવાર તા.૧૧ માર્ચ ૨૦૧૮ના રોજ સવારના કચ્છી ભવન બેંગલોર ખાતે ૩૩મી એન્યુઅલ જનરલ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું અને એમા બાકી રહેલા વર્ષ માટે પ્રણાલિકા પ્રમાણે વિવિધ એરીયાના પદાધિકારીઓની નિમણુક કરવામાં આવી હતી.

## WORKING COMMITTEE MEMBERS
**2017 - 2020**



Punamchand L Dharamshi
President
Hubli



Satish Devji Shah
Secretary
Bangalore



Kirti Dhanji Dharamshi
Treasurer
Bangalore



Hemang M Momaya
Vice President
Hyderabad



Mulchand P Shah
Vice President
Badagara



Pradip Ratilal Lodaya
Vice President
Coimbatore



Bharat L Dharamshi
Joint Secretary
Hubli




Mitesh P Lodaya
Joint Secretary
Bangalore



Satish P Luthia
Joint Treasurer
Gadag

## COMMITTEE MEMBERS


Dineshchand K Lodaya
Gadag


Harish S Munavar
Gadag


Hirachand D Dand
Hubli



Kishor Shamji Kuruwa
Cochin


Rajendra D Shah
Bangalore


Dhirish J Momaya
Bangalore


Hiren Mulji Patel
Hyderabad


Hema Gulab Chheda
Bangalore


Litin N Lodaya
Coimbatore


Sujeev J Soni
Gadag


Hiren K Chheda
Hubli


Chetan S Munvar
Bellary

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી.ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના આંગણે બૃહદ મુંબઈના અચલગચ્છીય સંઘોનું મિલન





જેઠ સુદ બારસના પ.પૂ.મુનીરાજ શ્રી ઉદયરત્ન સા. અને વ્યાખ્યાન વક્તા મુનીરાજ ભી ગુણવલ્લભસાગરજી મ.સા. અને ૨૨/૨૨ સા. ભગવંતોની ઉત્સાહીત નીશ્રામાં શ્રી ભાંડુપ સંઘ આયોજીત અચલગચ્છીય સર્વ સંઘો માટે સંભવત પ્રથમવાર સ્પેશિયલ માર્ગદર્શન. શિબિરનું આયોજન કરતાં વરસતા વરસાદે પણ સાહેબના પ્રભાવે ૫૮ સંઘોના ૩૩૮ સભ્યો હાજર રહી પીનડ્રોપ શાંતિએ શ્રવણ કર્યું. ગુરૂવંદના પછી મુનીશ્રીઓના યોગ-મુદ્રાએ નવકાર મંત્રનું પઠન કર્યું. શ્રી લહેરચંદભાઈ મૈશેરીએ સૌને બીરદાવી. આદરથી આવકારો આપ્યો. ચિંતન અને મનના દીપ પ્રાગટ્ય વિધિ પક્ષ સંઘના મંત્રી શ્રી



પ્રવીણ ટોકરશીં લોડાયા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કમલેશ સોની, ચેતન કુમાર મોમાયા. મુંબઈ મહાજન શ્રીના મંત્રી, શ્રી રમેશભાઈ લોડાયા, ભાંડુપ સંઘનાં શ્રી કુમારભાઈ દંડ, શ્રી મનોજ અને સમસ્ત મહાજનના મંત્રી, શ્રી રાજેશ છેડાએ કર્યું. મુની શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ લાક્ષણીક છટાંમાં શ્રી સંઘોને સંઘનું સુકાન સંભાળતા પાર-દર્શકસુચારૂ સંચાલન કરવા પ્રથમ ગ્રાફીક પાવરથી સજ્જ હોવા પદાધિકારીઓ વ્યસન મુક્ત હોવા ઘટે. સંઘની વૃધ્ધિ માટે સમન્વય કરવાની ત્રેવડવાળા



હોવા. હૃદયની ઉદારતાવાળા હોવા હું સૌનું સાંભળું અને સૌ સંભાળું તેવા ભાવ ઘટે. આ વાતો એક ધ્યાને સાંભળી.

સૌ સંઘોને તથા સા. ભગવંતોને પણ કોઈ કાર્યો મદદરૂપ થાય તેવા ફોર્મ ભરી પ્રકાશીત કરવા નિર્ણય લીધો.

સાંતાક્રુઝ ક.વી.ઓ. અચલ સંઘના સભ્યો સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ચાર્તુમાસ માટે એક બસ ભરીને સભ્યો આવી સા.મા.નો જયઘોષ કર્યો.

ભાંડુપમાં સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.નો ચાર્તુમાસ અષાઢી બીજના છે. તેનું આમંત્રણ અપાયું. અન્ય સંઘોએ પણ ચાર્તુમાસ પ્રવેશનું આમંત્રણ આપ્યું.

મુનીશ્રીઓના હાથે વાક્ષેપ લેવા લાંબી લાઈન લાગી. પધારેલા સર્વ મહેમાનો માટે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપે વ્યવસ્થા કરતાં સવારના ૨૦૦ જણે નવકારશીં અને બપોરના ૩૦૪ જણે સ્વામી ભક્તિનો લાભ આપ્યો. ભાંડુપ સંઘના યુવા કાર્યકર શ્રી મનોજભાઈ લોડાયાએ અથાક મહેનત કરી. શ્રી સંઘે સંઘ પૂજન કર્યું.

આ પરિણામ લક્ષી શિબિરના આયોજન બદલ પ્રવીણ લોડાયાએ ખુશી વ્યક્ત કરી. જતાંજતાં સૌ પદાધિકારીઓએ પણ અનુમોદના કરી બિરદાવલી કરી.

ભાંડુપ સંઘો ઉપરા-છાપરીસા શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ના મહાભદ્ર તપનાં પારણાં આ.ભ. કલા પ્રભાસાગરજી મ.સા.ના જન્મદિવસની ઉજવણી આ.ભ. મહોદય સાગરશ્રી મ.સા.આદી ઠાણા ૯૦ સાથે વાંચતા કાર્યક્રમો આદિ સ્વ.સુઝબુઝ અને ધગશથી કરી અવ્ય સંઘોમાં આગેવાન સંઘ સમા થઈ આદરનું આસનીયું બીછાવ્યું છે. અચલગચ્છીય સંઘો જાગ્રત થાય. પારદર્શક વ્યવહાર જાળવે. એવું શ્રી મનોજ લોડાયાએ સ્વ બુઝથી સાહેબને સુચન કરી કાર્યક્રમ યશસ્વી કર્યો.



# જ્ઞાતિશ્રેષ્ઠી દાનવીર હંસભાઈ બી. ખીમજી
# શ્રી સમસ્ત મહાજન કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી



જ્ઞાતિ આગેવાન દાનવીર શ્રેષ્ઠી શ્રી હંસ બી. ખીમજી શુક્રવાર તા. ૨૨ના રોડ પોતાની નાદુરસ્ત હોવા છતાં. શ્રી સમસ્ત મહાજન પ્રત્યે ઉષ્માભરી સદ્ભાવના લઈ શ્રી સમસ્ત મહાજનના કાર્યાલયની મુલાકાત લેવા પધાર્યા હતા. આ સમયે સમ્મેલનના વરાયેલા પ્રમુખશ્રી મુલચંદભાઈ મોતા તથા ટ્રસ્ટીશ્રીઓ શ્રી લક્ષ્મીચંદભાઈ પોલડીયા તથા શ્રી રાજેન્દ્રભાઈ ખોના તેમને આવકારવા હાજર રહ્યા હતા. શેઠશ્રીની સાથે શ્રીમતી હેમાબેન ગુલાબચંદ છેડા પણ પધાર્યા હતા. ઓફીસ જોઈને હૃદયની લાગણી વ્યક્ત કરતાં આ કાર્યાલય શ્રી સમસ્ત મહાજન માટે શુકનવંતુ રહેશે એવા આર્શિવાદ આપ્યા હતા. શેઠશ્રીએ સર્વેને પોતાના હાથે મીઠુ મોઠું કરાવ્યું હતું તથા કાર્યાલયની જરૂરત પ્રમાણે યોગ્ય લાગે તેવું સાધન લઈ આપવાનું વચન આપ્યું હતું આવા લાગણીસભર અને પુણ્યશાળી આત્માની સંસ્થાની કાર્યાલયે સ્વેચ્છાએ મુલાકાત લઈ જે આર્શિવચન આપ્યાં તે બતાવે છે કે શ્રી સમસ્ત મહાજન પ્રત્યે તેમનો કેટલો ઊંડો આત્મભાવ હશે. પંદરથી વીસ મિનીટ રોકાઈ શેઠશ્રી તથા હેમાબેન માટુંગા જવા રવાના થયા હતા.

# ૧૫ જુલાઈના ડોંબિવલી મધ્યે નિઃશુલ્ક હાડકા ચેકઅપ કેમ્પ

માઈન્ડ ટુ બોડી ક્લિનિક એ/૧૪ ભગવતી ધારા કો.ઓ.હા.સો. તુકારામ નગર રવિ પાટીલ ગ્રાઉન્ટ પાસે ડોંબિવલી(પૂર્વ), સ્થળે ડૉ. રિતેશ કે. નાગડા (બી.એચ.એમ.એસ.) તથા ડૉ. અર્પણા નાગડા (બી.એચ.એમ.એસ.) દ્વારા ફ્રી બોન ચેકઅપ કેમ્પ તા. ૧૫ જુલાઈ ૨૦૧૮ રવિવાર સવારે ૯ થી ૧ કલાક દરમ્યાન યોજાયું છે. જેમાં હાડકાનો દુઃખાવો, ઝકડન, સોજા, સાંધાનો દુઃખાવો, અશક્તિ તથા શરીરનો દુઃખાવા જેવી શારીરિક તકલીફ ભોગવતા વ્યક્તિઓ આ કેમ્પનો લાભ લઈ ઉપચાર માર્ગદર્શન મેળવી શકશે વધુમાહિતી માટે સંપર્ક મોનં. ૯૯૩૦૯૮૨૩૮૧, ૮૮૭૯૧૬૬૨૪૪,૯૮૩૩૯૭૪૦૦૯.

## ચાલીસ ગામમાં ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ મંગલ પ્રવેશ

ચાલીસગામ મહાનગરે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘના પ્રાંગણમાં તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિ વાત્સલમૂર્તિ પ.પૂ.શ્રી વિમલગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સાધ્વી શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.આદી ઠાણા-૩ના ભવ્ય મંગલમય ચાર્તુમાસ પ્રવેશ જેઠ વદ-૯ શુક્રવાર તા. ૬-૭-૨૦૧૮ શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકાર કરી ચાર્તુમાસ હેતુ પૂજ્યશ્રી ચાલીસગામ પધારી રહ્યાં છે. આ ભવ્ય મંગલમય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભાવભર્યુ આમંત્રણ છે.

# जुना दो नया लो

## Exchange Offer off upto 20%

* conditions apply




**Only on This Brands**

Jean Fendi SWISS QUARTZ

RAYMOND RENEE

ESPRIT

pierre cardin

## The TITAN Gallery

Sainath Plaza, Nehru Road, Mulund (W), Tel.: 2592 4869




- અંજાર સુધરાઈના નવા વરાયેલા પ્રમુખ રાજેશભાઈ વી. પલણ વરણી સમયે કરાયેલી જાહેરાતનું અમલીકરણ કરતાં અવસાન પામેલાને ઘરે પોતે જઈને મરણના દાખલા આપવાની નવી પહેલ કરી છે.
- અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે સબ રજિસ્ટ્રાર કચેરીની સેવાઓ હવે દરરોજ પ્રાપ્ય બનતાં લોકોને હાશકારો થયો છે.
- દિવાળી હોય કે ઈદ, મલાખડો-ઘોડા દોડની હરિફાઈ યોજી કચ્છના હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો પીર-ફકીરના મેળામાં આવી હરિફાઈ યોજી કોમી ભાઈચારાનો પ્રસાર સાથે અનેરો આનંદ માણે છે.
- શૈક્ષણિક સત્રના પ્રવેશોત્સવ પ્રસંગે ભુજની શાળાઓમાં ૩૦૦ છાત્રાને શાળાપયોગી વસ્તુઓની કીટ અપાઈ હતી. જેના દાતા રહ્યાં હતા ખરાશંકર નાકર માનકૂવા વાળા, ન્યૂરાજભાઈ નાકર મુંબઈ.
- નખત્રાણા તાલુકામાં સિદ્ધયોગી ધોરમનાથ દાદાની તપોભૂમિ ધીણોધર ડુંગર પરિસરમાં પાણી પુરવઠા લાઈનમાં અપૂરતા અને અનિયમિત પૂરવઠાને લીધે યાત્રી પર્યટકો માટે વિકટ સમસ્યા સર્જાઈ છે.
- ભુજ ટ્રાન્સપોર્ટ ઓનર્સ એસોસિયેશન અને રોટરી કલબના સહકારથી સંગઠનના સભ્યો માટે સર્વ રોગ નિદાન કેમ્પમાં ૧૮૭ જણની તપાસણી અને નિદાન કરાયા હતા.
- નારાયણ સરોવરના પોલીસ મથકે શ્રીરામ વૃધ્ધાશ્રમમાં રહેલા વૃધ્ધ વડીલોના ખબર અંતર પૂછી એકલતામાં દિલાસો આપ્યો હતો. તેમની સાથે પરિવારની જેમ બેસી ભોજન કર્યુ હતું.
- ફાધર્સ ડે નિમિત્તે ભુજમાં સ્પીડી ક્રિકેટ એકેડમી દ્વારા નવતર પ્રયોગમાં બાળકોમાં ટીમ સાથે ફાધર્સ ટીમની મેચનું આયોજન કરાયું હતું.
- દિલ્હી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની મહેંદી સ્પર્ધામાં ગાંધીધામના અંજના મનોજ હિંગલાએ પ્રથમ સ્થાન મેળવ્યુ.
- મહારાષ્ટ્ર રાજ્યના પૂણે ખાતે રાષ્ટ્રીય સ્તરની નૃત્ય સ્પર્ધામાં ગાંધીધામની માર્ગમ નૃત્ય અકાદમીના કલાકારોને યુનેસ્કો દ્વારા પુરસ્કાર મેળવ્યો.
- ભુજ નવી જથ્થાબંધ બજાર ગૌ સેવા સમિતિ અને મંગલદીપ જીવદયા મંડળ દ્વારા અબોલ પશુઓ માટે પાણી પીવાના કુંડા, ચકલીઓ માટે માટીનાં ઘર તથા ચણ અને ગાયો માટે નીરણ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.
- નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર વડાલાના મુંદ્રાના ઉપક્રમે પશુરક્ષા અભિયાન અંતર્ગત વડાલા પાંજરા પોળમાં ૧૫૦૦ ચો પગા ને ૧૬૦ મણ લીલોચારો મીઠી જુવારનું નીતરણ કરાયું.
- ભચાઉના ગોસ્વામી સમાજના તથા કારિયા ધામના ૮૧ વર્ષીય ખીમગિરિ પ્રેમ ગિરિગોસ્વામી તથા ૭૫ વર્ષીય તેમના ધર્મપત્ની કસ્તુરબેનની લાંબી ઉંમર અને લગ્નના ૬૦ વર્ષીય નિમિત્તે તથા સમાજ રત્ન બિરૂદ હાંસલ કરવા બદલ સમસ્ત સમાજ દ્વારા સન્માન કરાયું.
- નખત્રાણા પાટીદાર સર્વોદય સેવા સંઘ સંચાલિત દેવાશિષ હૉસ્પિટલ અને તારા ફાઉન્ડેશન કોલકતાના સંયુક્ત ઉપક્રમે કેન્સર તપાસણી નિઃશુલ્ક ચેકઅપ કેમ્પ યોજાયો. જેમાં ૯૫ જેટલા દર્દીઓની તપાસણી કરાઈ જેમાંના પાંચ દર્દીને કેન્સરના લક્ષણો માલુમ પડ્યા હતા.
- અબડાસા પંથક ગામોમાં કપાસના ફાલમાં એકાએક રોગ ચાળો દેખા દેતાં ખેડૂતોની ચિંતા વધી છે.
- કચ્છી ગરમ શાલની ડિઝાઈન માટે ભુજ તાલુકાના મોટા બંદરાના હાથ વણાટ કારીગર મારવાડા જખુભાઈ રામા વણકરને ભારત સરકાર દ્વારા વણાટકામ માટેના સંત કબીર એવોર્ડ એનાયત થયો છે.

REGD. No. E 28149, MUMBAI

# શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ



પૂજ્ય શ્રી પઠ્ઠાપીર શ્રી મહારાજા ગોપીચંદરાય-ૐ પૂજ્ય શ્રી પઠ્ઠાપીર મહારાજા યોગીરાજ શ્રી ગોપીચંદરાય નાથ

ગગન ગરજે, ને મોરલો બોલે, મથે ચમકે વીજ... એ હલો, પાંજે પઠ્ઠાપીર જી પેડી મેં, આવઈ અષાઢી બીજ

**પૂજ્ય પઠ્ઠાપીરબાપાને કચ્છ, વાગડ, ગુજરાત, રાજસ્થાન જેવા વિવિધ સ્થળે નમતા, માનતા પરિવાર તથા તેમની નિયાણી બહેનોને સતત ૧૨ વર્ષથી ધામધૂમથી ઉજવાતી સમૂહ પહેડીમાં હાર્દિક આમંત્રણ**

## તા.૧૪-૭-૨૦૧૮ શનિવાર ● સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુન્ડ (પશ્ચિમ)

### ❖ કાર્યક્રમની રૂપરેખા ❖

**શોભાયાત્રા:** સવારે ૮.૦૦ કલાકે ગોકુલ શ્યામ બિલ્ડીંગથી શરૂ થશે. શોભાયાત્રામાં અભિવૃદ્ધિ કરવા સર્વ ભાવિકોને ખાસ આમંત્રણ. **સ્થાપના:** સવારે ૧૦.૦૦ કલાકે (સારસ્વતવાડી મધ્યે), **પઠ્ઠાપીર ચાલીસાનો પાઠ:** બપોરે ૨.૦૦થી ૩.૦૦ કલાકે (શ્રી જીયે પઠ્ઠાપીર મહિલા ભક્ત મંડળ), **ભજન સંધ્યા :** સાંજે ૩.૦૦થી ૧૦.૦૦ કલાકે (કલાકાર: શ્રી નવીનભાઈ ભાનુશાલી, શ્રી શાંતિલાલ મોજાર, શ્રી જીતુભાઈ ભાનુશાલી. **ધુપ આરતી:** સાંજના ૭ કલાકે. મહાપ્રસાદ: સાંજના ૫.૩૦ થી ૧૦.૦૦ કલાકે

### આ પહેડી મહોત્સવના વિશેષ સહભાગી લાભાર્થીઓ



સ્વ. શાંતાબેન ચરણદાસ સચદે
શ્રી નરેન્દ્રભાઈ બાબુભાઈ કેસરીયા પરિવાર
શ્રી અમુભાઈ વિઠ્ઠલદાસ રૂખાણા પરિવાર
શ્રી લક્ષ્મીબેન વિસનજી હીરજી છેડા પરિવાર
શ્રી નરેન્દ્રભાઈ નારણદાસ કેસરીયા પરિવાર
ગં.સ્વ. લક્ષ્મીબેન નારાયણજી ત્રિલોક હિંદસોતા પરિવાર
શ્રી રાજેશભાઈ શંભુલાલ દૈયા પરિવાર
શ્રી સંજયભાઈ તુલસીદાસ રૂખાણા
શ્રી રમેશભાઈ રવજી ધેરાઈ (દીપક ઈન્વેસ્ટો)
સ્વ. શ્રી રણજીતભાઈ મુલજી ધેરાઈ
પૂ. માતુશ્રી રૂક્ષ્મણીબેન ખીમજીભાઈ નરમ પરિવાર



**આ ૧૨મી સમૂહ પહેડીમાં વિશેષ સહયોગી થવાની ઈચ્છા હોય તો આપ સંપર્ક સાધો : 9821189050**

**શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ**

૧૨, ગોકુલ શ્યામ બિલ્ડીંગ, ૩જા માળે, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૮૦. Mob. 98211 89050
Website: www.jiyepathapir.com ● E-mail: info@jiyepathapir.com

વેલેટ પાર્કિંગની સુવિધા રાખેલ છે.

# હિતેશભાઈ મોતા અને સાથીઓના પ્રયાસથી એક લાખ ઘેટાં બકરા વિદેશ નિકાસ કરવાની યોજના પડતી મુકાઈ

## જીવદયા પ્રેમીઓના પ્રચંડ વિરોધનો પડઘો : મોદી સરકાર ઝૂકી



મહારાષ્ટ્રની ભાજપ સરકાર દ્વારા વિદેશી હુંડીયામણ રળવા માટે ત્રણ મહિના દરમિયાન એક લાખ ઘેટા-બકરાને વિમાન દ્વારા શારજહાં તથા દુબઇ મોકલવાના નિર્ણયનો જૈનો તેમજ અન્ય સમાજ દ્વારા ઉગ્ર વિરોધ થતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાત્કાલીક આદેશ આપીને નિર્ણય બંધ રખાવાયો છે.

રાજકોટ, સૌરાષ્ટ્ર-ગુજરાત, મુંબઈ મહારાષ્ટ્રમાં વિરોધ પ્રદર્શન થયા હતા અને દિલ્હીમાં પણ જૈન સંગઠનોએ વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરી હતી. તેમજ જાણવા મળતી હકિકત મુજબ પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરજી મહારાજ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીસ મીનીટ વાર્તાલાપ કરીને ઘેટા બકરાને શારજહાં મોકલવાનો નિર્ણય સ્થગીત કરાવ્યો હતો.

અમદાવાદમાં અહિંસા રેલી નીકળી હતી. તેમજ મુંબઇમાં બિરાજમાન જૈન સાધુ સંતોની નિશ્રામાં જૈનોએ વિરોધ પ્રદર્શન પણ કરેલ હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીવદયા પ્રેમીઓની લાગણીને વાચા આપીને તત્કાલ અસરથી ઘેટા બકરા, શારજહાં મોકલવાનો મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને બ્રેક મારી દેતા સમસ્ત જીવદયા પ્રેમીઓમાં આનંદ છવાયો છે.

નાગપુરમાં ડો.બાબા સાહેબ આંબેડકર ઇન્ટરનેશનલ એરપોર્ટથી મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઘેટા બકરાને આજે એકસપોર્ટ

**નાગપુર એરપોર્ટથી વિમાન દ્વારા ઘેટા-બકરા રવાના થવાના હતા ત્યારે ભારત ભરના મોદી સરકારને જીવતા ઘેટા બકરાની નિકાસ રદ કરવી પડી : પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરિજી મ. સાથે પ્રધાનમંત્રીએ વીસ મીનીટ વાર્તાલાપ કર્યો : રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાત તથા ભારતના વિવિધ પ્રાંતોમાં જૈનો-જીવદયા પ્રેમીઓ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયા હતા**

કરવાના નિર્ણયને કારણે ભારતભરના જૈન સમાજ અને જીવદયા પ્રેમીઓમાં ભારે નારાજગી થતાં નિર્ણય રદ્દ કરી દેવામાં આવ્યો છે.

જૈન સમાજ અને જીવદયાપ્રેમીઓમાં ભારે નારાજ થયા અને પગલે આ નિર્ણય રદ્દ કરી દેવામાં આવ્યો છે. આ નિર્ણયને પાછો ખેંચાવીને મૂંગા જીવોને વિદેશ એકસપોર્ટ થતાં બચાવવા ભારતભરના જૈન સમાજના અગ્રણીઓથી લઇને જૈન સમાજના લોકો, વિવિધ સામાજીક સંસ્થાઓ, મુંબઇના બીજેપીના અમુક નેતાઓ અને જીવદયાપ્રેમીઓએ આગળ આવીને તમામ પ્રયાસ કરી રહ્યા હતા. એ ઉપરાંત આ મુદ્દાને લઇ જીવદયાપ્રેમીઓએ કોર્ટનો દરવાજો પણ ખટખટાવ્યો છે. નાગપુર એરપોર્ટથી ઘેટાબકરાને હવાઇ માર્ગે એકસપોર્ટ કરીને સાઉદી અરેબીયા મોકલવાની યોજનાના શુભારંભ વખતે મહારાષ્ટ્રના ચીફ મીનીસ્ટર દેવેન્દ્ર ફડણવીસ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવે મિનિસ્ટર નીતિન ગડકરી, કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી મીનીસ્ટર સુરેશ પ્રભુ વગેરે હાજર રહેવાના હતા. જો કે જૈન સમાજે મુંગા જાનવરો એકસપોર્ટ ન થાય એ બદલ કરેલા અસંખ્ય પ્રયાસોનું પોઝીટીવ પરિણામ આવ્યું છે.

આપણી સંસ્કૃતિને નષ્ટ કરવા જેવી આ યોજના છે એમ જણાવતાં જૈન સમાજના અગ્રણી અને આધ્યાત્મિક પરિવારના પ્રમુખ હિતેશ મોતાએ કહ્યું હતું કે અમુક રાજનૈતિક નેતાઓ જેને કાયદાઓ વિશે જાણકારી નથી તેમણે આ નિર્ણય લીધો હોય એવું લાગે છે. જીવતાં પ્રાણીઓને એકસપોર્ટ કરવામાં આવનાર હોવાથી એક સામાન્ય વ્યકિતની ભાવનાત્મક લાગણી દુભાવાની જ હતી. અમે મહારાષ્ટ્રના ફાઇનેન્સ મિનિસ્ટર સુધીર મુનગંટીવાર અને ગવર્નર વિદ્યાસાગર રાવ વગેરેને મળીને નિવેદન પણ આપ્યું હતું. બકરીના ટોઇલેટથી જમીન ફોર્ટેલાઇઝ થાય છે. એથી ખેતરમાં બકરીને રાતભર રાખવા માટે પણ પૈસા મળે છે. બકરીનું દુધ પણ ખૂબ પૌષ્ટીક હોય છે. આમ બકરી પોતાના મરણ સુધી બધાને આપતી જ હોય છે. જેમ સરકારે ખેડૂતોની જમીન પચાવી પાડી છે એમ ખેડૂતોને વાતોમાં લઇને પશુઓ પણ પડાવી લેશે. જેનાથી ખેડૂતોનો જ મરો થવાનો છે. પહેલા તો ભારતની સાંસ્કૃતિ હતી કે જેની પાસે પશુ વધુ હોય એ શ્રીમંત વ્યકિત ગણાતી, પરંતુ હવે તો પશુધનને જ નષ્ટ કરીને આપણી સંસ્કૃતિને નષ્ટ કરવામાં આવી રહી છે.

ઘેટાબકરાની એકસપોર્ટ કરવાથી ખેડૂતોની આવક વધશે અને તેમને મદદ થશે એવું કારણ આપીને સરકારે એકસપર્ટનો નિર્ણય લીધો હતો. આ યોજનાની શરૂઆત આજથી કરવામાં આવનાર હતી. જેમાં મીનીસ્ટરોથી લઇને નેતાઓ ઉપસ્થિત રહેવાના હતા. જો કે ઇસ્લામીક દેશોમાં ઘેટાબકરાને ચરાવવા માટે તો નહોતા લઇ જવાના પરંતુ આ એક લાખ મૂંગા જીવ ત્યાં જઈને પોતાના જીવ ગુમાવવાનાં હતા. એથી એનો જૈન સમાજ સખત વિરોધ કરી રહ્યો હતો. આ નિર્ણયને રોકવા માટે ભારતના વિવિધ ભાગોમાં ખાસ કરીને ગુજરાતઅને મુંબઇમાં જૈન સમાજ, જીવદયાપ્રેમીઓ દ્વારા બેઠક યોજવામાં આવી હતી અને એનો વિરોધ દેખાડવાની સાથે રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ખેડૂતોની આવક વધારવા અનેક માર્ગો છે એમ કહીને પોતાની નારાજગી દાખવતાં વર્ધમાન સંસ્કારધામ અને તપોવન સંસ્કારધામના સભ્ય અને જૈન સમાજના આગેવાન નિલેશ દોશીએ જણાવ્યું હતું કે ખેડૂતોની આત્મહત્યા અને આંદોલન વખતે સરકારે તેમની આવક વિશે આશ્વાસન આપ્યું હતું. જો કે ઘેટા બકરાની એકસપોર્ટ દ્વારા વેપાર કરીને ખેડૂતોની આવક વધારવીએ અત્યંત ખોટુ છે. આવક વધારવાના અનેક રસ્તા છે. સરકાર આ રીતે મુંગા જીવોની એકસપોર્ટ કરીને તેમનો જીવ લે એ કેટલું યોગ્ય ગણાય?

મોદી સરકારમાં હોવા છતાં બીજેપીના અનેક નેતાઓ પણ સરકારના આ નિર્ણયથી લોકોની ભાવનાત્મક લાગણી દુભાઇ રહી હોવાથી પોતાની રીતે પ્રયાસ કરી રહ્યા હતા.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અબડાસામાં કપાસના પાકમાં રોગચાળો દેખાયો



અબડાસાના કેટલાંક ગામોમાં કપાસનાં ફાલમાં એકાએક રોગચાળો દેખા દેતાં ખેડૂતોની ચિંતા વધી છે. તાલુકાનાં પાંચેક ગામો પરજાઉ, વારાપધર, વાંકુ, લાલા, સહિતના કેટલાંક ગામોમાં ગત મેના બીજા પખવાડિયામાં વાવેતર કરનાર ખેડૂતોના કપાસના ફાલનાં પાંદડાં પીળા પડી ગયા છે, એટલું જ નહીં કપાસનો છોડ વૃદ્ધિ કરતો નથી.

હાલે છોડની લંબાઇ ૧૨ થી ૧૪ ઇંચ હોવી જોઇએ. તેનાં બદલે ૬ થી ૮ ઇંચ જેટલી જ છોડ વૃદ્ધિ પામી શક્યો છે, તેવું જણાવી કેટલાક ખેડૂતોએ ઉમેર્યું હતું કે, ઘણા બધા ખેડૂતો સામાન્ય બિયારણનો ઉપયોગ કર્યો હતો, તેનું આ પરિણામ હોઇ શકે. એકંદર પાંચેક હજાર એકર જમીનમાં કપાસના ફાલમાં આ પ્રકારની મુશ્કેલીનો ખેડૂતો સામનો કરી રહ્યા છે. ખેતીવાડી ખાતા દ્વારા વાવેતર સ્થળની મુલાકાત લઇ સાચું કારણ આપી કપાસનો ફાલ બચાવી શકાતો હોય તો ખેડૂતોને માર્ગદર્શન આપવું જોઇએ તેવી માગણી ઊઠી છે.

# શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી આ ટ્રસ્ટની સ્થાપના અને શરૂઆત કરવામાં આવેલ. પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સરળતાપૂર્વક ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજન આપનાર દાતાઓનો નકરો : ૧) પ્રવીણભાઇ (પાચોરા) ૨) નેમીચંદ પદમશી નાગડા , ૩) નિર્મલા નેમીચંદ નાગડા, ૪) જમકુબાઈ પોલડીયા, ૫) એક સદ્ગૃહસ્થ (ચાલીસગામ), ૬) હિરાચંદભાઇ દામજી લોડાયા (હસ્તે હેમાબેન લોડાયા (કોઇમ્બતુર), ૭) એક સદ્ગૃહસ્થ (ચાલીસગામ), ૮) પદમશી વેલજી લોડાયા (હસ્તે ગુણવંતીબાઇ, હુબલી-સુથરી).







# શ્રી પારોલા તીર્થ

શ્રી પારોલા તિર્થના સાત મહાજન શ્રાવક શ્રાવિકા સાથે તેમજ ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિના મેમ્બરો પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના મળેલ ચાતુર્માસની જય બોલાવવા ૨૪-૬-૨૦૧૮ના પારોલા થી મલકાપુર પ્રયાણ કરેલ ત્યા પૂ. સાધ્વી શ્રી ના પ્રવચનનો લાભ લઈ મલકાપૂર સંઘના પ્રમુખ શ્રી શેઠ તીલોકચંદ નરશીભાઇ દંડએ પારોલા સંઘનું બહુમાન કરેલ ત્યારબાદ શેઠ શ્રી નરશીભાઈ જેઠાભાઇ દંડ પરિવાર તરફથી સ્વામીવાત્સલ્યનો લાભ લઇ મલકાપુરથી પારોલા તરફ પ્રયાણ થયેલ. આ પુર્ણ કાર્યક્રમમાં શેઠશ્રી તીલોકચંદભાઇની વિશેષ સેવા હતી. અત્યારસુધી ચાતુર્માસ આરાધના ૭૦ પ્રવેશ ફાર્મ આવેલ જે બધાજ પાસ થયા છે.

# મુલુંડ મધ્યે ચાતુર્માસની વધામણી

વાસુપૂજ્ય દાદાની મીઠી મહેરથી ગુરુદેવ ગુણસિંધુ સૂરિની કૃપા લહેરથી તપચક્ર-ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા મુર્હુત આશીર્વાદથી, સાહિત્ય સમ્રાટ પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના મંગલ આશિષથી અચલગચ્છાધિપતિ શ્રી ના આજ્ઞાનુવર્તી પ્રવર્તી મહતરા, અચલગચ્છ શ્રમણી મુખ્યા પૂ.સાધ્વીવર્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા-પ્રશિષ્યા સરલહૃદયા પૂ. ગુરુવર્યા શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., ખ.અ., ખ.ડ્વશહ, ડ્વ.ઉ ગૌવિજ્ઞાન પૂ.સા. શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા., પૂ. સા.શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા-૪નું જાજરમાન ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ સાતમ, ૧૮-૭-૨૦૧૮ બુધવારના સલુણી સવારે, મંગલ-મુર્હૂતે છે.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટસએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

તેરી ચૌખટ પે
આના મેરા કામ થા...
મેરી બિગડી બનાના
તેરા કામ હૈ...
છોડ દી કશ્તી મેને
તેરે નામ પર...
અબ કિનારે લગાના
તેરા કામ હૈ...



રાજેન્દ્ર મણિલાલ ખોના
(સુથરી)

# જીવન ઘટમાળ

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૩-૧૮ | સેંધવા(એમ.પી.) | આયાના, ખુશ્બુ પ્રકાશ ગુલાબ નાગડા | નલિયા | પુત્રી |
| ૦૨-૦૬-૧૮ | હુબલી | પરમ, સુનિલ તિલક રતનશી લોડાયા | જખૌ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૬-૧૮ | વડોદરા | રાહુલ ભરત તારાચંદ ધરમશી | સુથરી | ૩૧ |
| | હુબલી | પ્રિયંકા અભયકુમાર હીરજી મોમાયા | સાંયરા | ૩૧ |
| ૨૩-૦૬-૧૮ | નાસિક | હિમાંશુ મુકેશ નવીન પટેલ(નાગડા) | નલિયા | ૨૯ |
| | ડોંબિવલી | માસૂમી હરીશ લક્ષ્મીચંદ સાયલા | મંજલ રેલડીયા | ૨૫ |
| ૨૬-૦૬-૧૮ | ડુમરા | અક્ષય રમેશ દેવજી સોની | વાંકુ | ૨૨ |
| | જલગાંવ | તોરલ નપેન્દ્ર દામજી લોડાયા | સાંયરા | ૧૯ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૬-૧૮ | મુલુંડ | હર્ષ રમેશ દેવચંદ વોરા | રંગપુર | ૩૦ |
| | અકોલા | વિસા દીપેન્દ્રકુમાર પુનમભાઈ શાહ | ખંભાત | ૨૭ |


KDO

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૯

ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

**સાનપાડા, નવી મુંબઈ સ્થિત**

**શ્રી આદિનાથજી દેરાસરજી**

ની પ્રથમ વર્ષગાંઠ સં. ૨૦૭૪ અષાઢ સુદ-૨ને **શનિવાર તા. ૧૪-૦૭-૨૦૧૮**ના રોજ છે. વર્ષગાંઠ નિમિત્તે **પૂ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.**ની નિશ્રામાં નીચે મુજબ કાર્યક્રમ આયોજલ છે.

**અષાઢ સુદ-૨, શનિવાર તા. ૧૪-૦૭-૨૦૧૮**

**સવારના ૮.૦૦ કલાકેથી - શ્રી અઢાર અભિષેક સહ શ્રી સત્તરભેદી પૂજા**

**સવારના ૧૨.૩૯ કલાકે - ધ્વજારોહણ**

ધ્વજારોહણ બાદ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત સર્વ મંગલમય કાર્યક્રમમાં ભાગ લેવા સમસ્ત જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ છે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મંડળ, નવી મુંબઈ**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

દ્વારા સંચાલિત

# અનંત પેથોલોજી લેબ

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત
અનંત પેથોલોજી લેબના પ્રથમ વર્ષગાંઠ (૧૬ જુલાઇ) નિમિત્તે
મુંબઇ અને આજુબાજુના પરિસરોમાં વસતા જ્ઞાતિજનો તેમજ જૈનેત્તરો માટે

**ખુશ ખબર ! ખુશ ખબર !! ખુશ ખબર !!!**

બ્લડ ડોનેશન કેમ્પ, ઇ.સી.જી. અને અન્ય હેલ્થકેર પેકેજોનું આયોજન કરેલ છે.
તો સર્વે જ્ઞાતિજનો તેનો અચૂક લાભ લઇ શકે છે.



BLOOD
DONATION CAMPAIGN

**બ્લડ ડોનેશન કેમ્પના લાભાર્થી પરિવાર**

## માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર

(મોટી ખાવડી - ઘાટકોપર)

**અનંત પેથોલોજી લેબના પ્રથમ વર્ષગાંઠ ઉજવણી નિમિત્તે**
**ત્રણ દિવસીય હેલ્થકેર ધમાકા ઓફર**
રવિવાર, ૧૫.૦૭.૨૦૧૮ થી મંગળવાર, તા. ૧૭.૦૭.૨૦૧૮
**ECG** માત્ર **રૂા. ૧૦૦/-** ના દરે સાથે હેલ્થકેર પેકેજ-૧ અને પેકેજ-૨ ડિસ્કાઉન્ટેડ દર સાથે ઉપલબ્ધ તદ્ઉપરાંત હેલ્થકેર પેકેજ-૩ ઉપર ફ્લેટ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ રહેશે. અન્ય મેડીકલ ટેસ્ટ ડિસ્કાઉન્ટેડ રેટ સાથે તો છે જ !

**અન્ય આકર્ષણ :**
એક દિવસીય **બ્લડ ડોનેશન કેમ્પ**
દિન: રવિવાર, ૧૫.૦૭.૨૦૧૮
સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૩:૦૦ સુધી
**મેડીકલ ટેસ્ટ રીપોર્ટ :** રાહતના દરે તો ઉપલબ્ધ છે જ.
સમય : લેબના રાબેતા મુજબના સમયે

| PACKAGE I | PACKAGE II | સેલીબ્રેશન ઓફર FLAT DISCOUNT 10% |
|---|---|---|
| BODY PROFILE<br>CBC<br>LIPID<br>BSF/PP<br>LFT<br>RFT<br>URINE | VITAMIN B12<br>VITAMIN D3<br>FT3 FT4 TSH<br>+ PACKAGE - I | **ALL PATHOLOGY**<br>TESTING<br>EVEN<br>**METROPOLIS**<br>TEST |
| મુખ્ય દર ~~₹1230/-~~<br>સેલીબ્રેશન ઓફર ₹999/- | મુખ્ય દર ~~₹3000/-~~<br>સેલીબ્રેશન ઓફર ₹2499/- | |

**રક્ત દાન છે મહાદાન...**

આપના રક્તનું એક બિંદુ...
બનશે કોઇનું જીવન સિંધુ
આવો આપણે પણ રક્તદાન કરીએ.
કોઇને નવજીવન આપીએ.
આપણા સમાજને
વધુ સુંદર બનાવીએ.

*1st Year Celebration*
કરીએ એક સુંદર કાર્ય ...
**રક્તદાન** દ્વારા...

**Anant Pathology Lab**
5, Ground Floor, Ladhani House, Valji Ladha Road,
Opp. Hira Mongi Hospital, Mulund (West),
Mumbai - 400 080. Mob.: 8879990987
Email : anantpathlab@gmail.com
Time : Mon-Sat : 8 am to 9 pm Sun : 8 am to 1 pm

**4200**થી અધિક સંતુષ્ટ ગ્રાહકો

**સેલીબ્રેશન ઓફર :**
ફ્રી ડેન્ટલ ચેકઅપ અને
ટીથ ક્લીનીંગ માત્ર રૂા.૧૯૯/-
DENTCURE મુલુન્ડ
Dental Clinic

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - સર્વે ટ્રસ્ટી ગણ**

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં

**નીશિથ એ. દંડ**

(સેકેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com